PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કવા–૦૧/૧૭–૧૮/ ૪૬૮૦ તા. ૨૮/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જયંતિલાલ કાનજીભાઈ ટીલવા,
– યોગીતા–,બ્લોક નં. – એ –૧૦
નાલંદા સોસાયટી,
શેરી નં.–૦૪,
કાલાવડ રોડ
રાજકોટ
મો: ૯૯૭૪૦ ૬૨૧૪૦

વિષય :–બીલીંગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૬/કવા–૦૧/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 6 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૬/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: જયંતિલાલ કાનજીભાઈ ટીલવા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર જયંતિલાલ કાનજીભાઈ ટીલવા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.રૂપાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : બીલીંગ બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૫૦૨/૦૪૨૫૬/૫ મા માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ, ૩૧૬૦ યુનીટ નુ તા.૧૨–૧૦–૧૬ ના રોજ, જે બીલીંગ કરેલ છે, તે ક્ષતિગ્રસ્ત મીટર મુજબ નુ હોય, તેઓ શ્રી ના વપરાશી વીજભાર ના વીજવપરાશ કરતા, લગભગ ૦૭ થી ૦૮ ગણુ હોય, તેઓ શ્રી ની રજુઆત ના અનુસંધાને મીટર બદલાવવામા આવેલ હતુ. અને તેઓએ સદર બીલ ની રકમ પણ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી ન્યાયિક કાર્યવાહી હેઠળ, બીલ ને સુધારી અપાયેલ નથી. નવા મીટર મા, તેઓ શ્રી ને, પ્રતિ દ્રીમાસીક ૩૩૦ યુનીટ ની વીજવપરાશ સ્થાપિત થયેલ છે. અગાઉ વર્ષો પહેલા પણ, તેઓ શ્રી ના જોડાણ ની વીજવપરાશ વધુમા વધુ ૨૫૦ યુનીટ હોય, આ મુજબ ના કારણોસર, તેઓ શ્રી ને અપાયેલ સવાલવાળુ બીલ રીવાઇઝ કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૫૦૨/૦૪૨૫૬/૫ મા માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ, ૩૧૬૦ યુનીટ નુ તા.૧૨–૧૦–૧૬ ના રોજ નુ બીલીંગ થતા, અરજદાર શ્રી ની સદર જોડાણ મા ક્ષતિગ્રસ્ત મીટર મુજબ નુ બીલીંગ થયેલ હોવા બાબત ની અરજદાર શ્રી ની તા.૧૦–૦૫–૧૭ ના રોજ ની લેખીત અરજી ની રજુઆત ને ધ્યાન મા લઈને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી અરજદાર ના સ્થાપન પર નુ સવાલવાળુ એચ.પી.એલ. કંપની નુ મીટર નં પીજીએસટી– ૫૮૧૫૩૨, જે ચેકીંગ શીટ : ૫૭૭૫૩૨ થી તા.૨૨–૧૦–૧૬ ના રોજ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા છેલ્લા રીડીંગ : ૧૫૭૩૯ નોંધાયેલ હતા. તેમજ, જોડાણ મા ૧.૮૧૫ કીવો નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે તા.૨૨–૧૦–૧૬ ના રોજ સ્થાપન પર નવુ ઈ.પી.પી.ઈ / ટોન કંપની નુ મીટર નં. : ૨૮૯૪૦૦૩, જે શરૂઆતના ૦૦૦૦૨ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ જુનુ સવાલવાળુ મીટર નંબર: પીજીએસટી– ૫૮૧૫૩૨, જે તા.૦૪–૧૧–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ, ટેસ્ટ બેન્ચ પર એક્યુરેસીટેસ્ટ લેતા, મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, યોગ્ય કરતુ જાહેર થયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીંગ : ૧૫૭૩૯ નોંધાયેલ હતા. સદર મીટર ના ધારા મીટર રીડીંગ પણ, અગાઉ ના ૦૬ બીલીંગ સમયગાળા ના લેવાયેલ હતા. તેમજ, એમ.આર.આઈ. અહેવાલ પણ ડાઉનલોડ કરાયેલ હતો. |

| | |
|---|---|
| **૨.૩** | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતેના, સદર સવાલવાળા મીટર નંબર: પીજીએસટી– ૫૮૧૫૩૨ ના ડાઉનલોડ કરાયેલ એવા એમ.આર.આઈ. અહેવાલ અન્વયે ના '' લોડ ટેમ્પર્ડ ડેટા – તેમજ કન્ઝમ્પસન ડેટા '' ની વિગતો અભ્યાસે લેતા, – સદર મીટર મા, (૧) તા.૨૩–૦૫–૧૬ ના રોજ રીડીંગ ૧૨૦૦૧( ૦.૭૨૦ કીવો વીજભાર ) (૨) તા.૨૯–૦૬–૧૬, ના રોજ રીડીંગ ૧૨૨૪૩ ( ૦.૮૬૦ કીવો વીજભાર ) (૩) તા.૧૬–૦૭–૧૬ ના રોજ રીડીંગ ૧૨૪૬૩ ( ૦. ૭૬૦ કીવો વીજભાર ) (૪) તા.૧૫–૦૮–૧૬ ના રોજ રીડીંગ ૧૨૬૬૭ ( ૦.૮૦૦ કીવો વીજભાર ) જણાયેલ હતો. આમ, તા.૧૫–૦૮–૧૬ સુધી સદર મીટર મા નોંધાયેલ વીજભાર અને વીજવપરાશી યુનીટ, જે સામાન્ય જણાયેલ છે. |
| **૨.૪** | પરંતુ, તા.૦૩–૦૯–૧૬ ( ૧૨.૩૦ થી ૧૭.૪૦ કલાક) થી તા.૧૩–૦૯–૧૬ (૦૮.૧૮ થી ૧૪.૫૪ કલાક ) સુધીના સમયગાળા દરમ્યાન, સદર મીટર મા, '' મેગ્નેટ ટેમ્પર્ડ '' કરાયેલ હોવાની બાબત, એમ.આર.આઈ. અહેવાલ ના લોડ ટેમ્પર્ડ ડેટા મા સ્પષ્ટ નોંધાયેલ છે. '' મેગ્નેટ ટેમ્પર્ડ '' વાળા મીટર ના આ તા.૦૩–૦૯–૧૬ થી તા.૧૩–૦૯–૧૬ સુધી ના ૧૦ દિવસો, માહેના તા.૦૩–૦૯–૧૬ ( ૧૨.૩૦ થી ૧૭.૪૦ કલાક) ના દિવસે કરાયેલ સદર '' મેગ્નેટ ટેમ્પર્ડ '' ના કારણોસર, મીટર મા '' ૭.૧૬૦ કીવો નો વીજભાર અને ૧૫૫૯૨ વીજવપરાશી યુનીટ '' સ્પષ્ટ નોંધાયેલ હોવાની બાબત, સ્વયં સ્પષ્ટ થયેલ છે. ત્યારબાદ,સદર મીટર મા કરાયેલ '' મેગ્નેટ ટેમ્પર્ડ '' દુર કરવાના કારણોસર, તા.૧૬–૧૦–૧૬ ના રોજ, મીટર મા ૦.૭૦૦ કીવો વીજભાર અને ૧૫૭૩૯ વીજવપરાશી યુનીટ નોંધાયેલ છે. અને ત્યારબાદ, મીટર ઉતાર્યા તા.૨૨–૧૦–૧૬ ના રોજ, એટલેકે તા.૧૬–૧૦–૧૬ થી તા.૨૨–૧૦–૧૬ સુધી ના સમયગાળા મા પણ, '' મેગ્નેટ ટેમ્પર્ડ '' દુર કરવાના કારણોસર, છેલ્લા રીડીંગ : ૧૫૭૩૯ નોંધાયેલ છે. આમ, સદર મીટર મા, ફરીયાદી અરજદાર અને ગ્રાહક તરફથી, ખાસ કરીને, માહે સપ્ટેમ્બર ના સમયગાળા દરમ્યાન, '' મેગ્નેટ ટેમ્પર્ડ '' કરવાની પ્રવૃતિ કરાયેલ હોવાના કારણોસર, મીટર મા અસામાન્ય પ્રકારનો વપરાશી વીજભાર અને વીજવપરાશી યુનીટ નોંધાયેલ છે. તેમજ, જ્યારે – જે તે સમયગાળા માટે '' મેગ્નેટ ટેમ્પર્ડ '' દુર કરાયેલ છે, તે સમયગાળા મા મીટર મા તાંત્રીક દ્રષ્ટીએ યોગ્યતા મુજબ ના વીજવપરાશી વીજભાર હેઠળ યોગ્ય યુનીટ નોંધાયેલ છે. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય છે. પરંતુ, સદર મીટર ની યુનીટ નોંધણી ની એક્યુરેસી સાથે, ખાસ કરીને, માહે સપ્ટેમ્બર ના ચોક્કસ એવા ૧૦ દિવસોના ((તા.૦૩–૦૯–૧૬ ( ૧૨.૩૦ થી ૧૭.૪૦ કલાક) થી તા.૧૩–૦૯–૧૬ (૦૮.૧૮ થી ૧૪.૫૪ કલાક )) સમયગાળા દરમ્યાન, '' મેગ્નેટ ટેમ્પર્ડ '' કરાયેલ હોવાના કારણોસર જ, મીટર મા વધુ વીજવપરાશી યુનીટ નોંધાયેલ છે. અને તેના કારણોસર જ, અરજદાર ને સવાલવાળા '' મેગ્નેટ ટેમ્પર્ડ ''વાળા બીલીંગ સમયગાળા – એટલેકે માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ ૩૧૬૦ યુનીટ (હાલ ના ૧૫૬૭૨ અને પાછલા ૧૨૫૧૨ = ૩૧૬૦ યુનીટ) ની રકમ રૂ.૨૩,૭૯૦/– નુ જે બીલ અપાયેલ છે, તે બીલ લેબોરેટરી ચકાસણી દરમ્યાન, અને એમ.આર.આઈ. અહેવાલ મા નોંધાયેલ વિગતો ના અભ્યાસ દરમ્યાન ના સવાલવાળા, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીંગ, ૧૫૭૩૯ ને આનુષાંગીક જ છે. જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૬૦૨/૦૪૨૫૬/૫ નુ, સવાલવાળુ જુનુ એચ.પી.એલ. કંપની નુ મીટર નં પીજીએસટી– ૫૮૧૫૩૨, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. અને મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી તા.૦૪–૧૧–૧૬ ના રોજ, સદર મીટર ની ટેસ્ટ બેન્ચ પર એક્યુરેસીટેસ્ટ લેતા, મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, યોગ્ય કરતુ જાહેર થયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીંગ : ૧૫૭૩૯ નોંધાયેલ હતા. તેમજ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર ના પારા મીટર રીડીંગ પણ, અગાઉ ના ૦૬ બીલીંગ સમયગાળા ના લેવાયેલ હતા, તથા એમ.આર.આઈ. અહેવાલ ( લોડ ટેમ્પર્ડ ડેટા તેમજ કન્ઝમ્પસન ડેટા ) પણ ડાઉનલોડ કરાયેલ હતો. |

| | |
|---|---|
| ૩.૨ | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ના સદર મીટર ની ડાઉનલોડ કરાયેલ એવા લોડ ટેમ્પર્ડ ડેટા તેમજ કન્ઝમ્પસન ડેટા ની વિગતો અભ્યાસે લેતા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, તા.૨૩–૦૫–૧૬ થી તા.૧૫–૦૮–૧૬ સુધીના સમયગાળા દરમ્યાન સદર મીટર મા નોંધાયેલ વીજભાર અને વીજવપરાશી યુનીટ, જે સામાન્ય જણાયેલ છે. પરંતુ, ખાસ કરીને, માહે સપ્ટેમ્બર –૧૬ ના માસ ના સમયગાળા દરમ્યાન ના, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ના, માહે સપ્ટેમ્બર ના ચોકકસ એવા ૧૦ દિવસોના ((તા.૦૩–૦૯–૧૬ ( ૧૨.૩૦ થી ૧૭.૪૦ કલાક) થી તા.૧૩–૦૯–૧૬ (૦૮.૧૮ થી ૧૪.૫૪ કલાક )) સમયગાળા દરમ્યાન, સદર મીટર મા '' મેગ્નેટ ટેમ્પર્ડ '' કરાયેલ હોવાની બાબત રેકર્ડ આધારીત સ્પષ્ટ થયેલ છે.'' મેગ્નેટ ટેમ્પર્ડ '' નો સદર સમયગાળો, જે માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નો છે. અને આ બીલીંગ સમયગાળા માહેના સદર ૧૦ દિવસ ના સમયગાળા દરમ્યાન '' મીટર મા મેગ્નેટ ટેમ્પર્ડ '' થયેલ હોવાના કારણોસર, મેગ્નેટ ટેમ્પર્ડ વાળા સમયે, મીટર મા ૭.૧૬૦ કીવો નો વીજભાર અને ૧૫૫૯૨ વીજવપરાશી યુનીટ '' સ્પષ્ટ નોંધાયેલ હોવાની બાબત, સ્વયં સ્પષ્ટ થયેલ છે. આમ, સદર મીટર મા ખાસ કરીને, માહે સપ્ટેમ્બર–૧૬ ના સમયગાળા મા જ, '' મેગ્નેટ ટેમ્પર્ડ '' થયેલ હોય, આવા કારણોસર, મીટર મા વીજવપરાશી વીજભાર અને વીજવપરાશી યુનીટ મહતમ કક્ષાએ નોંધાયેલ હોય, અને આ સમયગાળો, જે માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નો બીલીંગ સમયગાળો હોય, આવા કારણોસર અરજદાર શ્રી ને અપાયેલ એવુ, સવાલવાળુ, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ ૩૧૬૦ યુનીટ (હાલ ના ૧૫૬૭૨ અને પાછલા ૧૨૫૧૨ = ૩૧૬૦ યુનીટ) ની રકમ રૂ.૨૩,૭૯૦/– નુ જે બીલ પીજીવીસીએલ તરફથી અપાયેલ છે, તે બીલ લેબોરેટરી ચકાસણી દરમ્યાન, અને એમ.આર.આઈ. અહેવાલ મા નોંધાયેલ વિગતો ના અભ્યાસ દરમ્યાન ના સવાલવાળા, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીંગ, ૧૫૭૩૯ ને આનુષાંગીક જ છે. જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૯૭૬૦૨/૦૪૨૫૬/૫ ના, સવાલવાળા જુના એચ.પી.એલ. કંપની નુ મીટર નં પીજીએસટી–૫૮૧૫૩૨ મા, માહે સપ્ટેમ્બર ના ચોકકસ એવા ૧૦ દિવસોના ((તા.૦૩–૦૯–૧૬ ( ૧૨.૩૦ થી ૧૭.૪૦ કલાક) થી તા.૧૩–૦૯–૧૬ (૦૮.૧૮ થી ૧૪.૫૪ કલાક )) સમયગાળા દરમ્યાન, સદર મીટર મા '' મેગ્નેટ ટેમ્પર્ડ '' કરાયેલ હોવાની બાબત રેકર્ડ આધારીત સ્પષ્ટ થયેલ છે. સદર મીટર નો '' મેગ્નેટ ટેમ્પર્ડ '' વાળો સદર સમયગાળો, જે માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નો છે. આવા મેગ્નેટ ટેમ્પર્ડ વાળા સમયે, મીટર મા ૭.૧૬૦ કીવો નો વીજભાર અને ૧૫૫૯૨ વીજવપરાશી યુનીટ '' સ્પષ્ટ નોંધાયેલ હોવાની બાબત પણ, રેકર્ડ આધારીત રીતે સ્વયં સ્પષ્ટ થયેલ છે. |
| ૪.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, સદર મીટર મા, જે માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નો બીલીંગ સમયગાળા માહેના, માહે સપ્ટેમ્બર– ૧૬ ના સમયગાળા મા જ, '' મેગ્નેટ ટેમ્પર્ડ '' થયેલ હોય, આવા કારણોસર, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને અપાયેલ એવુ, સવાલવાળુ, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ ૩૧૬૦ યુનીટ (હાલ ના ૧૫૬૭૨ અને પાછલા ૧૨૫૧૨ = ૩૧૬૦ યુનીટ) ની રકમ રૂ.૨૩,૭૯૦/– નુ જે બીલ, જે સદર સવાલવાળા મીટર, કે જે મીટર લેબોરેટરી ચકાસણી દરમ્યાન, અને એમ.આર.આઈ. અહેવાલ મા નોંધાયેલ વિગતો ના અભ્યાસ દરમ્યાન ના સવાલવાળા, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય – તેવા સદર સવાલવાળા તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીંગ, ૧૫૭૩૯ ને આનુષાંગીક જ છે. જેથી, સદર સવાલવાળુ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ નુ વીજબીલ, જે અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી અપાયેલ છે. તે યોગ્ય હોવાનો ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયના મળ્યા તારીખથી ૩૦ દિવસની અંદર, "માનનીય ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ નિયત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધે હોય તો, સદર રકમ ઉપર રકમ પીજીવીસીએલમાં ભરપાઈ કરાયેલ હોવાનો પુરાવો અપીલ અરજીમાં મુકવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT.doc